# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/ક્વા-૩/૧૯-૨૦/૮૨૧-૪૨** તા.૦૬-૦૨-૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૨/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **વલ્લભભાઈ સમજુભાઈ ચોથાણી** ગામ: **રાજકોટ** **સબડીવીઝન** : લક્ષ્મીનગર- **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર વલ્લભભાઈ સમજુભાઈ ચોથાણી અને એન.વી. ચોથાણી હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી રાજકોટ શહેર-૨
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એન. ડી. રૂઘાણી અને ડી. કે. માધવાચાર્ય (DY.S.A.)
પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૨**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૯-૦૧-૨૦૨૦ (બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૯-૦૧-૨૦૨૦ (બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર વલ્લભભાઈ સમજુભાઈ ચોથાણી ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૪૨/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે,** તેઓ ગ્રાહક નં. –૮૭૬૦૧/૦૩૧૩૯/૦ થી ઘરવપરાશ વીજજોડાણ લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. તેઓએ સોલાર સીસ્ટમ લગાડેલ હોય – જે અન્વયે વીજબીલ માહે જુન–જુલાઈ– ૧૯ માં ૧૧૦ યુનીટ સરેરાશ બીલ આવેલ છે. ત્યારબાદ, માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૯ મા સોલાર બાયડાયેરકશ્નલ મીટરનો ડિસ્પલે બંધ થતા – ફોલ્ટી મુજબ – ૨૦૦ યુનીટ નુ બીલ આપેલ છે. ત્યારબાદ, સદર મીટર બદલ્યા બાદ માહે ઓકટોબર–નવેમ્બર– ૧૯ ના બીલમાં પણ ૧૧૦ યુનીટ નો વપરાશ આવેલ છે. અરજદારનો વીજવપરાશ મર્યાદીત છે, તેમજ સોલાર સીસ્ટમ લગાવ્યા બાદ પ્રથમ બીલ માહે મે–૧૯ માં ૪૬૨ યુનીટ એકસપોર્ટ કરેલ હોવા છતા – જે ક્રેડીટ હોય – પીજીવીસીએલ દ્રારા ફોલ્ટી મીટર અને બંધ ઘરનુ બીલ ખોટુ સરેરાશ મુજબ નુ આપેલ છે. જેથી અરજદારે વીજબીલ માહે જુન–જુલાઈ– ૧૯ , માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૯ અને માહે ઓકટોબર–નવેમ્બર– ૧૯

ના બીલ રદ કરી અને સદર સમયગાળામાં જે યુનીટ જનરેટ થયા હોય– તે જમા આપવા **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી હેઠળ ના ગ્રાહક શ્રી વલ્લભભાઈ સમજુભાઈ ચોથાણી, વિજ ગ્રાહક નંબર – ૮૭૬૦૧૦૩૧૩૯૦, જે 3 કિલોવોટનું રહેણાંક કેટેગરી નું વિજ કનેક્શન ધરાવે છે. તેઓ સોલાર કનેક્શન ધરાવે છે જેના દ્વારા સોલાર એગ્રીમેન્ટ તા.03.૧૦.૨૦૧૮ ના રોજ કરેલ છે.

3.૧ ઉપરોક્ત ગ્રાહક નું બાયો ડાયરેકસનલ મીટર નું ડિસ્પ્લે બંધ થતા લક્ષ્મી નગર પેટા વિભાગીય કચેરી દ્વારા ઓગસ્ટ – સપ્ટેમ્બર' ૨૦૧૯ નું બીલ F યુનિટ ૧૧૦ તરીકે આપેલ છે. જયારે તેમનું અગાઉ નું બીલ જુન જુલાઈ ૨૦૧૯ નું ગ્રાહક નું ઘર બંધ હોવાથી " L " લોક નું બીલ ૧૧૦ યુનિટ નું આપવામાં આવેલ હતું તેમજ ઓકટોબર-નવેમ્બર' ૨૦૧૯ નું બિલીંગ વખતે ગ્રાહક નું મીટર બદલી ગયેલ હોય તે પ્રમાણે આપેલ છે. ગ્રાહક ને અપાયેલ એવરેજ યુનિટ સ્થળ પર સોલાર કનેક્શન લાગેલ તે પહેલા ગ્રાહક ની જે સરેરાશ વપરાશ હતી તે પ્રમાણે આપેલ છે.

3.૨ ગ્રાહક નું બાય-ડાયરેકસનલ મીટર ગ્રાહક ની અરજી ના આધારે તા. ૦૨.૧૦.૨૦૧૯ ના રોજ બદલાવવા માં આવેલ હતું. ઉપરોક્ત મીટર ની લેબ તપાસણી તારીખ ૨૫.૧૦.૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ હતું. લેબ રીપોર્ટ માં ઉપરોક્ત મીટર નો ડિસ્પ્લે બંધ છે અને મીટર ફોલ્ટી થયેલ છે તેવું લેબ પરીક્ષણ માં દર્શાવેલ છે.

ઉપરોક્ત ગ્રાહક ને આપવામાં આવેલ બીલો કંપની ના નિયમ મુજબ હોઈ તેમજ સપ્લાય કોડ માં તેમજ સોલાર રીલેટેડ અન્ય સરકયુલર માં આ અંગે કોઈ જોગવાઈ ન હોય ગ્રાહક ને આપવામાં આવેલ બીલો કંપની ના નિયમ મુજબ અપાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી વલ્લભભાઈ સમજુભાઈ ચોથાણી, વિજ ગ્રાહક નંબર – ૮૭૬૦૧૦૩૧૩૯૦, જે 3 કિલોવોટનું રહેણાંક કેટેગરી નું વિજ કનેક્શન ધરાવે છે. સદર વીજજોડાણમાં સોલાર રૂફટોપ સીસ્ટમ ધરાવે છે. સદર જોડાણનું સોલાર એગ્રીમેન્ટ તા.03.૧૦.૨૦૧૮ ના રોજ કરેલ છે.

૪.૨ મીટર રીડર દ્વારા વીજ બીલ માહે તા.૨૬.૦૯.૨૦૧૯ ના રોજ મીટરનો ડિસ્પ્લે બંધ હોય સરેરાશ ૨૨૦ યુનિટ મુજબ વીજ બીલ આપવામાં આવેલ છે તેમજ વીજબિલમાં ડિસ્પ્લે બંધ ની નોંધ બતાવેલ છે. જે અનુસંધાને પેટાવિભાગીય કચેરી દ્વારા મીટર રીપ્લેશમેન્ટ શીટ નં. આરસીસી ૬૮૧૨33 તા.૦૨.૧૦.૨૦૧૯ ના રોજ સદર મીટર અરજદાર ની હાજરીમાં બદલાવેલ જેમાં ડિસ્પ્લે બંધ બતાવેલ છે. સદર મીટરનું તા. ૨૫.૧૦.૨૦૧૯ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં અરજદારના પ્રતિનિધિની હાજરીમાં પરીક્ષણ કરવામાં આવેલ જેના રીપોર્ટ મુજબ _મીટર નો-લોડમાં ડિસ્પ્લે બંધ છે લોડ આવતા ડિસ્પ્લે આવે છે_ તે મુજબ નીચે મુજબ પેરામીટર જોવા મળેલ છે.

**Cumulative Energies**: KWH Import- ૮૩૧ KWH Export - ૨૨૧૬

૪.૩ પીજીવીસીએલ દ્વારા અરજદારને અપાયેલ વિજબીલની વિગત તેમજ સવાલવાળા મીટરના લેબ રીપોર્ટ મુજબ પ્રાપ્ય થયેલ રીડીંગ નીચે મુજબ છે.

| બિલીંગ માસ | બીલ તા. | ઈમ્પોર્ટ KWH | એક્ષ્પોર્ટ KWH | Net Billing Unit-KWH | To be Revised Net Billing Unit-KWH |
|---|---|---|---|---|---|
| એપ્રિલ મે -૧૯ | ૨૭.૦૫.૧૯ | (૪૨૬-૧૩૮)<br>૨૮૮ | (૧૫૩૭-૭૮૭)<br>૭૫૦ | (૭૫૦-૨૮૮)<br>૪૬૨(Exp) | ******<br>****** |
| જુન જુલા -૧૯ (મીટર સ્થિતિ “L”) | ૨૪.૦૭.૧૯ | (૪૨૬-૪૨૬)<br>૦ | (૧૫૩૭-૧૫૩૭)<br>૦ | (૦-૦)<br>સરેરાશ ૧૧૦(Imp) | ******<br>****** |
| ઓગ.સપ્ટે-૧૯ (મીટર સ્થિતિ “F”) | ૨૬.૦૯.૧૯ | (૪૨૬-૪૨૬)<br>૦ | (૧૫૩૭-૧૫૩૭)<br>૦ | સરેરાશ ૨૨૦ (Imp) | ૬૭૯-૪૦૫=૨૭૪ (Exp) |
| મીટર બદલ્યા તા. | તા.૦૨.૧૦.૧૯) | ૮૩૧-૪૨૬=૪૦૫ | ૨૨૧૬-૧૫૩૭=૬૭૯ | ૬૭૯-૪૦૫=૨૭૪ (Exp) | |
| ઓકટો.નવે.૧૯(“”) | ૨૭.૧૧.૧૯ | (૨૧૯-૦)<br>૨૧૯ | (૨૧૮-૦)<br>૨૧૮ | સરેરાશ ૧૧૦(Imp) | |
| ઓકટો.નવે.૧૯(“”) *(રીવાઈઝડ)* | ૧૭.૧૨.૧૯ | ૧-૧=૦ | ૧-૧=૦ | સરેરાશ ૧૧૦(I) | ૨૧૯-૨૧૮=૦૧(Imp) |
| ડિસે.જાન્યુ .૨૦ | ૨૭.૦૧.૨૦ | (૪૪૩-૦)<br>૪૪૩ | (૨૧૮-૦૧)<br>૨૧૭ | (૪૪૩-૨૧૭)<br>૨૨૬ (Imp) | ઈમ્પોર્ટ (૪૪૩-૨૧૯) =૨૨૪<br>એક્ષ્પોર્ટ (૨૧૮– ૨૧૮)=૦<br>નેટ =(૨૨૪ -૦)= ૨૨૪ (Imp) |

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.3 મુજબ લેબ રીપોર્ટ પ્રમાણે મીટર નો-લોડમાં ડિસ્પ્લે બંધ બતાવે છે તેમજ સદર મીટર નું છેલ્લું બીલ તા. ૨૭.૦૫.૧૯ બાદ સદર મીટર તા.૦૨.૧૦.૨૦૧૯ ના રોજ બદલાવેલ જેના લેબ રીપોર્ટ મુજબ સવાલવાળા બાયડાયરેકશન મીટરમાં વીજ યુનિટ નીચે મુજબ નોંધાયેલ છે.

ઈમ્પોર્ટ KWH (૮૩૧-૪૨૬ ) =૪૦૫ KWH

એક્ષ્પોર્ટ KWH (૨૨૧૬-૧૫૩૭) =૬૭૯ KWH

તફાવત =૨૭૪ KWH એક્ષ્પોર્ટ

આમ ઉપરોક્ત બાબતે અરજદારને વીજ બીલ ઓગ.સપ્ટે-૧૯ અને ઓકટો.નવે.૧૯નું સરેરાશ ૧૧૦ યુનિટ વીજ વપરાશના બીલો રદ કરીને સવાલવાળા બાયડાયરેકશન મીટરમાં તેમજ સદર મીટર બદલ્યા બાદ નવા મીટરમાં નોંધાયેલ વીજ યુનિટ મુજબ નીચે પ્રમાણે રીવાઈઝ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

| બિલીંગ માસ | રીવાઈઝ નેટ બિલીંગ યુનિટ KWH |
|---|---|
| ઓગ.સપ્ટે-૧૯ | ૨૭૪ KWH (Exp) |
| ઓકટો.નવે.૧૯ | ૦૧ KWH (Imp) |
| ડિસે.જાન્યુ .૨૦ | ૨૨૪ KWH (Imp) |

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે આદેશ આપવામા આવે છે અને થયેલ કાર્યવાહી નો રીપોર્ટ ફોરમ ને દિન–૩૦ મા આપવા સામેવાળાને જણાવવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯